# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-12-2025 Day: Monday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાજ્ય પ્રવાસનમંત્રી દ્વારા માંડવી ખાતે 11 દિવસીય બીચ ફેસ્ટીવલનો પ્રારંભ:

કચ્છ જીલ્લો પ્રવાસનનું વિશ્વસનીય અને વૈશિક સ્થળ બન્યુ છે, તેવું કચ્છના માંડવી ખાતેના રમણીય દરિયાકાંઠે ગઈકાલે રાજ્યના પ્રવાસન રાજ્યમંત્રી ડૉ.જયરામભાઈ ગામીતે "માંડવી બીચ ફેસ્ટિવલ"ને ખુલ્લો મુકતાં જણાવ્યું હતું. કચ્છમાં રણ ઉત્સવના આયોજન બાદ બીચ ફેસ્ટિવલ કચ્છના પ્રવાસન ક્ષેત્રને નવી દિશા આપશે. તેવુ જણાવતા તેમણે કચ્છના પ્રવાસનના વિકાસનો શ્રૈય દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપ્યો હતો. આજે કચ્છ એ ઉદ્યોગ, પ્રવાસન અને કૃષિક્ષેત્રે અગ્રેસર બન્યું છે. સમગ્ર દેશ દુનિયા અને ગુજરાતમાંથી કચ્છને જોવા અને માણવા લોકો આવી રહ્યા છે. કચ્છમાં વિકસેલા પ્રવાસનના લીધે સ્થાનિક હસ્તકલાને તેમજ લોકોને પ્રોત્સાહન અને રોજગારી મળી છે.

રાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કચ્છના વિવિધ દરિયાકાંઠાના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે અને આવનારા સમયમાં વોટર સ્પોર્ટ્સ એડવેન્ચરનો વિકાસ કરાશે. તેમણે સ્વદેશી અપનાવવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, રણ, દરિયો, ડુંગરની ત્રિવેણી પ્રકૃતિ ધરાવતા કચ્છની ક્ષમતાને ઓળખવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરીને ધરતીકંપ બાદ કચ્છને બેઠુ કરવા ઉપરાંત પ્રવાસનક્ષેત્રે આજે કચ્છને વિશ્વના નકશામાં મૂક્યું છે. આવનારા સમયમાં માંડવી બીચ ફેસ્ટિવલ કચ્છની સંસ્કૃતિ સાથે પ્રવાસીઓને જોડવાનું કામ કરશે.

કાર્યક્રમના આરંભે રાજ્યમંત્રીશ્રીએ દરિયાની લહેરો સાથેનો રંગબેરંગી લેઝર સાઉન્ડ શો, રેત શિલ્પને નિહાળ્યા બાદ ફૂડ સ્ટોલ તથા ક્રાફ્ટ સ્ટોલની મુલાકાત લઈને કારીગરોને પ્રોત્સાહિત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ૧૧ દિવસીય બીચ ફેસ્ટિવલ દરમિયાન વિવિધ મનોરંજન પ્રવૃત્તિઓ, સ્પોર્ટ્સ એક્ટિવિટી, સાંસ્કૃતિક કાર્યક્રમ, લાઈવ મ્યૂઝિક પરફોર્મન્સ, હેન્ડિક્રાફ્ટના સ્ટોલ, લેઝર લાઇટ શો, રેત શિલ્પ સહિતના આકર્ષણો પ્રવાસીઓને રોમાંચિત કરશે.

---

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ- ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન- ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025 ને મંજૂરી આપી છે.

સંસદે શિયાળુ સત્ર દરમિયાન આ બિલ પસાર કર્યું. આ કાયદો ગ્રામીણ પરિવારો માટે વૈધાનિક વેતન રોજગાર ગેરંટીને નાણાકીય વર્ષમાં 125 દિવસ સુધી લંબાવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ગ્રામીણ રોજગાર નીતિમાં સુધારા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

---

## ગુજરાત એટી.એસ ધરપક:

ગુજરાત એટી.એસ.એ બાતમીના આધારે કચ્છના4 રાપરમાંથી હરિયાણાના નવીન બોક્સર ગેંગના શુટર વિકાસ ઉર્ફે ગોલુ શ્યોરણની ધરપકડ કરી છે. વિકાસ, નાગેશ્વર પાર્ક આર.ઓ.પ્લાન્ટ કંપનીમા પોતાના પરિચિતને ત્યાં રોકાયો હતો. એ.ટી.એસ.એ દિનકેશ ગર્ગની પણ ધરપકડ કરી છે. એ.ટી.એસની પુછપરછમાં સામે આવ્યુ છે કે વિકાસે 4થી સપ્ટેમ્બરે હરિયાણાના ભીવાલી શહેરના કોર્ટ પરિસરમાં અજય તથા રોહિત સાથે મળી લવજીત નામના વ્યક્તિની હત્યા કરી હતી.

---

## 10 પંચાયત ઘરના નવ નિર્માણ માટે ગ્રાંન્ટ ફાળવાઈ:

રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા અબડાસા વિધાનસભા વિસ્તારના નખત્રાણા તાલુકાના આઠ તથા અબડાસા તાલુકાના બે સહિત દસ નવાં

પંચાયતઘરનાં નવનિર્માણ માટે 2 કરોડ 50 લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરાઇ હતી. નખત્રાણા તથા અબડાસાના વિવિધ ગામોમાં પંચાયતઘર બનાવવાની આવશ્યકતાને ધ્યાનમાં લઇને દરખાસ્ત કરાઇ હતી. જે અંતર્ગત અબડાસા તાલુકાના નાંગિયા, ભાચુંડા, નખત્રાણા તાલુકાના ઉખેડા,  ખીરસરા (રોહા), દેવપર (યક્ષ), ધાવડા મોટા, નાગલપર, મંગવાણા, રસલિયા, ભિટારામાં પ્રત્યેક પંચાયતઘર દીઠ રૂા. 25 લાખ ફાળવાયા છે.

---

## 102મી સોનલમાની જન્મ જયંતીની ઉજવણી:

ચારણ સમાજમાં શિક્ષણ અને સંસ્કારની જ્યોત જગાવનારા આઇ સોનલમાંની 102મી જન્મજયંતિ આજે ઉજવાઈ રહી છે. પોષ સુદ બીજના ઉજવાતી તેમની જન્મજયંતિની ચારણ સમાજ સોનલ બીજ તરીકે ઉજવણી કરે છે. આઇ સોનલમાં ચૌદ વખત કચ્છમાં આવ્યા હતાં તેમના જ પ્રયાસોથી માંડવીમાં લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગની સ્થાપના થઈ હતી. આજે સોનલ બીજ નિમિતે ભુજ,માંડવી,આદિપુર, ઝરપરા,ભુજપુર ,કાઠડા, મઢાડા વિગેરે સ્થળે વિવિધ કાર્યક્રમો યોજાશે.

---

## મહિલા ક્રિકેટ :

ભારતીય મહિલા ટીમે શ્રી લંકા મહિલા ટીમને પ્રથમ ટી-20 મેચમાં આઠ વિકેટે હરાવી વિજયી આરંભ કર્યો છે. વિશાખા  પટ્ટનમ ખાતેની પાંચ મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં શ્રી લંકાએ 6 વિકેટના ભોગે 121 રન કર્યા હતા. જવાબમાં ભારતીય મહિલા ટીમે બે  વિકેટ ગુમાવી 122 રન કરી મેચ જીતી લીધી હતી. જેમી માંહે  સૌથી વધુ 69 રન કર્યા હતા.

---

## હવામાન:

રાજ્યમાં આગામી બે દિવસ બાદ ઠંડીનું જોર ફરી વધવાની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, પૂર્વ દિશાના ઠંડા પવનના કારણે ઠંડીનો ચમકારો અનુભવાશે. જોકે, ઠંડી વધશે, પણ રાજ્યમાં પશ્ચિમી વિક્ષેપના કારણે એકસાથે બે ઋતુની અસર પણ જોવા મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 13.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ ઉષ્ણતામાન નલિયામાં નોંધાયું છે, જ્યારે ભુજમાં 18 ડિગ્રી, અંજાર, ગાંધીધામમાં 15.1 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું.

---